બાળકો અને
નવયુવાનો માટે

# હાદી
માસિક

સફર, હીજરી સન ૧૪૩૨,
જાન્યુઆરી - ૨૦૧૧



રૂા.
30/-

## અલ્લાહના નેક નામો

# અસ્સમીઓ




ખુદાવન્દે આલમના મહાન ગુણોમાંથી એક ગુણ-વિશેષણ કે જે નામ તરીકે પણ ગણવામાં આવે છે તે **''અસ્સમીઓ''** છે.

અગત્યના અર્થ : આ વિશેષણ/નામના કેટલાંક મહત્વના અર્થ નીચે મુજબ છે :

**(૧) સાંભળનાર (૨) સંભળાવનાર**

## આ નામનો કુરઆનમાં ઉલ્લેખ :

કુરઆનમાં આ વિશેષણ અનેક જ્યાએ આવે છે. દા.ત. સૂરા-બકરહની આયત ૧૨૭ માં ઈર્શાદ થાય છે કે **''વઈઝ યરફઓ ઈબ્રાહીમુલ....''** અને (તે સમયને યાદ કરો) જ્યારે ઈબ્રાહીમ અને ઈસ્માઈલ તે ઘર (કાબા) નો પાયો ચણી રહ્યા હતા (અને તે વખતે તેઓ એવી વિનંતી કરતાં જતાં હતાં કે) હે અમારા પરવરદિગાર ! તું (અમારી આ સેવા-મહેનત-નઝરાનો) કબૂલ ફરમાવ ! બેશક તુ મહાન સાંભળનાર અને જાણનાર છે.


E-mail : hadimasik@yahoo.com

## માઅસૂમીન અ.સ.ની વાણી

માઅસૂમીન અ.સ.ની વાણીમાં પણ અલ્લાહ તબારક-વ-તઆલાના આ વિશેષણનો પ્રયોગ મોટા પ્રમાણમાં થયો છે. દા.ત.

''અલ્લાહુમ્મા - અઝિન્તો લી ફી દુઆએકા - વ - મસઅલતેકા - ફસમઅ યા સમીઓ મદહતી - વ - અજિબ - યારહીમો - દાઅવતી''

**અનુવાદ :** હે અલ્લાહ ! તેં મને એ બાબતની છુટ આપી રાખી છે કે હું તારી પાસે દુઆની યાચના કરૂં અને કાંઈ માંગુ તો હે સાંભળનાર ! પોતાની આ પ્રશંસા સાંભળ અને હે કૃપાળુ ! મારી દુઆ (યાચના) કબૂલ ફરમાવ.

## : ખાસિયતો અને ફાયદાઓ :

અલ્લાહના આ વિશેષણમાં ઘણી ખાસિયતો અને ફાયદા છે. તે પૈકી કેટલાંક નીચે મુજબ છે.

(૧) હઝરત ઈમામ રિઝા અ.સ.થી રિવાયત છે કે જો કોઈ વ્યક્તિ દરરોજ સવારની નમાઝ પછી સાત વખત ''ફસયક-ફી-કહુમુલ્લાહો-વ-હોવસ્સમીઉલ-અલીમ'' કહે તો ખુદા આ શબ્દોની બરકતથી તે દિવસે દરેક મુશ્કેલીમાં તેની મદદ કરશે.

(૨) ''યા સમીઓ'' નો હંમેશા વિર્દ કરતા રહેવાથી દુઆઓ કબૂલ થાય છે.

(૩) જો કોઈ વ્યક્તિ દરરોજ ૪૦૨ વખત ''યા સમીઓ-યા બસીરો'' નો વિર્દ કરે તો તે કદી કોઈનો ઓશિયાળો (મોહતાજ) થશે નહીં અને તે કદી અપમાનિત પણ નહીં થાય.

(૪) કોઈ વ્યક્તિ રાત્રે ૪૩૩ વખત 'યા અસ્મઉસ્સામેઈન' નો વિર્દ કરે તો ખુદાની બારગાહમાં તે ''મકબુલુદ્દુઆ'' (એવો વ્યક્તિ કે જેની દુઆઓ હંમેશા કબુલ થાય) બની જાય છે.

(૫) રાત્રિના સમયે ''યા સમીઆ-નિદા-ઈસ્સાએલીન'' ૫૧૮ વખત વિર્દ કરનાર વ્યક્તિ ખુદાની બારગાહમાંથી કદી ખાલી હાથે પાછો નથી આવતો.

સફર, હીજરી સન ૧૪૩૨,
જાન્યુઆરી - ૨૦૧૧

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

મહોર્રમુલ હરામ કે જે માસ આપણાં માટે એક દીની પાઠશાળા હતો તે આવ્યો અને ઝડપથી પસાર થઈ ગયો. હવે પોતાની જાતે પોતાની પાસેથી હિસાબ લેવાનો સમય છે કે આ મોહર્રમના જમાનામાં "ફર્શે અઝાની પાઠશાળા" માંથી આપણે શું શીખ્યા અને તેનાથી આપણામાં શું ફેરફાર થયાં !

રસૂલ સ.અ.વ.ના દોહિત્ર (દીકરાના દીકરા ) હઝરત ઈમામ હુસૈન અ.સ.એ મદીનાથી નીકળતી વખતે જ પોતે શા કારણે આ કમાલ અને ખુરૂજ કરી રહ્યાં છે તેના ધ્યેય પણ સ્પષ્ટ શબ્દોમાં વર્ણવી દીધાં હતાં જેથી લોકોની વિચારધારા કોઈ અન્ય દિશામાં ફંટાઈ ન જાય.

આપ અ.સ.એ ફરમાવ્યું હતું: "હું મારા નાના (હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ.) ની ઉમ્મતની સુધારણાં માટે આ કાર્યમાં લાગી ગયો છું" આપ અ.સ.ના આ વાક્ય ઉપરથી એ દિશાસૂચન મળે છે કે ઉમ્મત ૫૦ વરસમાં જ અવળે માર્ગે ચડી ગઈ હતી. એ વાત અંગે કોઈ બેમત નથી કે આપણે ફક્ત નબી સ.અ.વ.ની ઉમ્મત જ નથી પરંતુ સર્વશ્રેષ્ઠ ઉમ્મત પણ છીએ, તેથી આપણી જવાબદારીઓ પણ વધારે છે. તેથી આપણે વરસમાં ઓછામાં ઓછું એક વખત તો પોતાની જાત પાસે પોતાનો જ હિસાબ લેવો જોઈએ કે ક્યાંક આપણે પણ અવળે માર્ગે તો નથી ચડી ગયાં ને ! કે જેને કારણે આપણે હુસૈન અ.સ.ના વારસ હઝરત ઈમામે ઝમાના (અજ.)ની નારાજગી તો વહોરી નથી લેતાં ને ! અને આપ હઝરત (અજ.) ઉપર જે દુ:ખના પહાડ તૂટી પડેલાં છે તે જ શું ઓછા છે કે ખુદા ન કરે આપણાં આમાલ પણ આપ (અજ.)ના દુ:ખોમાં વધારાનું કારણ બને.

ફરઝન્દે ઝહરા સરકારે મઝલૂમ સૈયુદુશ્શોહદાને રસૂલ સ.અ.વ.ની ઉમ્મતની સુધારણાંની એટલી બધી ચિંતા હતી કે આપ અ.સ.એ પોતાનું સર્વસ્વ આ ધ્યેયની પ્રાપ્તિ કાજે જ લુટાવી દીધું હતું.

સુધારણાંનો વ્યાપ વિશાળ છે. આપણે ઓછામાં ઓછું આપણાં સમાજ – આપણાં પોતાના ઘર અને આપણાં મિત્રો અને સબંધિઓ વચ્ચે સુધારણાંનું કાર્ય કરવું જ જોઈએ અને જે ઓછપ અને ત્રુટીઓ હોય તેમને દૂર કરીએ અને આપણાં ઝમાનાના ઈમામ (અજ.)ના હ્રદયને પ્રસન્ન કરીએ.

અલ્લાહ આપણને આ માર્ગમાં સફળતા અર્પે ! આમીન !!

વસ્સલામ

વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-

بسم الله الرحمن الرحيم

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com

# નહજુલ બલાગાહ

## ડહાપણભરી વાતો

### કલમા નં. ૩૮ - ચાર વસ્તુઓ

પોતાના ફરઝન્દ હઝરત ઈમામ હસન અ.સ.ને સંબોધીને હઝરત અલી (અ.સ.) એ ફરમાવ્યું છે કે : મારી પાસેથી ચાર અને ફરી ચાર વાતો શીખી લઈને યાદ રાખી લો. તેના ઉપર અમલ કરશો તો તમે જે કાંઈ પણ કરશો તેનાથી તમને નુકશાન નહીં પહોંચે.

સૌથી મોટું ધન બુધ્ધિ અને ચતુરાઈ છે અને સૌથી મોટી દરિદ્રતા મુર્ખાઈ અને બુધ્ધિહીનતા છે.

સૌથી મોટું ગાંડપણ અભિમાન અને આત્મશ્લાઘા છે અને સૌથી મોટો ગુણ સદ્ચારિત્ર છે.

હે વત્સ ! મુર્ખ વ્યક્તિ સાથે મિત્રતા ન કરતા - કેમકે તે તમને લાભ પહોંચાડવા ઈચ્છશે તો પણ નુકશાન જ પહોંચાડશે અને કંજુસ વ્યક્તિને પણ મિત્ર ન બનાવતા. કેમકે જ્યારે તમને તેની મદદની ખુબ જ વધારે જરૂર હશે ત્યારે તે તમારાથી દૂર ભાગશે.

અને દુરાચારી વ્યક્તિ સાથે પણ મિત્રતા ન કરતાં કેમકે તે તમને કોડીના ભાવે વેચી નાંખશે અને જુઠું બોલનાર વ્યક્તિને પણ મિત્ર બનાવતા નહીં કેમકે મૃગજળની જેમ દૂરની વસ્તુઓને પાસે અને પાસેની વસ્તુઓને દૂર દેખાડશે.




# ફાતેમા સલા. અને પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. ની વફાત

પયગમ્બર સ.અ.વ.ની બીમારીએ જોર પકડ્યું. ફાતેમા સલા. આપ સ.અ.વ.ની પથારી પાસે બેસીને પોતાના પિતાના પ્રકાશિત અને અલૌકિક મુખારવિન્દને જોઈ રહ્યા હતા. જેના ઉપર તાવના પ્રકોપને કારણે પરસેવાના ટીપા આવી ગયા હતા. ત્યારે જનાબ ફાતેમા સલા.એ જનાબ અબૂતાલિબ અ.સ.એ પયગમ્બર સ.અ.વ. વિષે રચિત પંક્તિઓ પઢી.

"એ પ્રકાશિત મુખારવિન્દ કે જેની આબરૂ થકી અલ્લાહ પાસે વરસાદની યાચના કરવામાં આવે છે અને જે અનાથોનો આશ્રયદાતા અને વિધવા સ્ત્રીઓની દેખરેખ રાખનારો છે."

રસૂલે ખુદા સ.અ.વ.એ આંખો ઉઘાડી અને ફરમાવ્યું "હે દીકરી ! કુરઆનની તિલાવત કરો"

જનાબ ફાતેમા સલા. એ નીચેની આયતની તિલાવત કરી.

"મુહમ્મદ સ.અ.વ. માત્ર એક રસૂલ છે. તેમની પહેલાં પણ ઘણાંય રસૂલો થઈ ગયાં છે. જો તેઓ મરી જાય અથવા તેમની કતલ થઈ જાય તો શું તમે તમારા અગાઉ થઈ ગયેલા લોકો તરફ પાછા ફરી જશો ? (અને યાદ રાખો કે) જે પોતાના અગાઉ થઈ ગયેલા લોકોનાં કાયદા-કાનૂનો (ધર્મ-માન્યતા) તરફ પાછો ફરી જશે તે અલ્લાહનું કાંઈ બગાડી શકશે નહીં અને ખુદા (નજીકમાંજ) આભાર માનનારાઓને (ખુદાનો શુક્ર કરનારાઓને) સારો બદલો આપશે. (સૂરએ આલે-ઈમરાન-આયત-૧૪૪)"




રસુલે ખુદા સ.અ.વ.એ હળવેથી હઝરત ફાતેમા સલા.ના

કાનમાં કાંઈ કહ્યું અને તે સાંભળીને આપે રડવાનું શરૂ કરી દીધું. પયગમ્બર સ.અ.વ. પોતાની દીકરીની આ તકલીફને જોઈ શક્યા નહીં અને બીજી વખતે આપ સ.અ.વ. એ તેમના કાનમાં કાંઈક કહ્યું. તે સાંભળીને જનાબ ફાતેમા સલા. પ્રસન્ન થઈ ગયા.

પાછળથી લોકોએ જનાબ ફાતેમા સલા.ને પુછયું કે "રસૂલે ખુદા સ.અ.વ. એ બે વખત આપને એવું તો શું કહ્યું કે પહેલી વખત આપ રડવા લાગ્યા હતા અને બીજી વખત આપ સ્મિત કરવા લાગ્યા હતા. આપ સલા.એ જવાબ આપ્યો : પહેલી વખતે મેં આપ સ.અ.વ. પાસેથી આપ સ.અ.વ.ની વફાતની વાત સાંભળીને હું ગમગીન થઈ ગઈ હતી અને બીજી વખત આપે એવી ખુશખબર આપી હતી કે "હે ફાતેમા ! મારા અહલેબૈતમાંથી સૌથી પહેલાં તમેજ મને (સ્વર્ગલોકમાં) આવીને મળશો. આ સાંભળીને હું ખુશ થઈ ગઈ હતી."

પયગમ્બર સ.અ.વ. એ પોતાના જીવનના અંતિમ સમયે અલી.અ.સ. ને બોલાવીને ફરમાવ્યું હતું કે "હે અલી ! મારૂં માથું તમારા ખોળામાં લઈ લો. કેમકે ખુદાની આજ્ઞા આવી ગઈ છે. "હે અલી ! જ્યારે હું આ જગતમાં ન રહું તો તમે જ મને ગુસલ આપશો અને તમેજ પહેલી વખત મારા ઉપર નમાઝ પઢજો."

આપનું માથું હઝરત અલી અ.સ.ના ખોળામાં જ હતું તે વખતે આપ સ.અ.વ. ખુદાની રહેમતમાં પહોંચી ગયા.

ગુસલ આપ્યા પછી હઝરત અલી અ.સ. એ જ પહેલી વખત રસૂલે ખુદા સ.અ.વ.ની નમાઝે જનાઝા પઢી હતી તે પછી મુસલમાનો નાના સમૂહોમાં આવતા ગયા અને નમાઝ (નમાઝે જનાઝા) પઢતાં ગયા. તે પછી રસૂલે ખુદાને આપ સ.અ.વ.ના ઘરમાં મસ્જિદ (મસ્જિદે નબવી)ની બાજુમાંજ દફન કરવામાં આવ્યાં.





# ઐતિહાસિક સંબોધન

રવઝતુલ અહબાબ નામના પુસ્તકમાં લખેલું છે કે ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.એ યઝીદને કહ્યું કે "હે યઝીદ ! મારા પિતા અને સગા-વહાલાઓના માથા મને પરત સોંપી દે. જેથી કરીને તેમના શરીર સાથે એ માથા પણ દફન કરી શકું અને મને અહલેબૈત અ.સ.ની સન્નારીઓ સાથે મદીના જવા દે કે ત્યાં જઈને હું મારા પિતામહ હઝરત મુહમ્મદ સ.અ.વ. ના રોઝાની મુજાવરી અને મારા પરવરદિગારની ઈબાદતમાં પ્રવૃત્ત રહું અને આવતીકાલે જુમ્આના દિવસે મને એવી તક આપ કે હું મિમ્બર ઉપર જઈને ખુદા અને રસૂલ સ.અ.વ.ની પ્રશંસા કરૂં. યઝીદે આ વાતને સ્વીકારી. બીજા દિવસે ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. મિમ્બર ઉપર બિરાજમાન થયાં. એવું વાક્ચાતુર્ય અને અલંકૃત શૈલીથી ભરપૂર ભાષણ (ખુત્બો) આપ્યું કે લોકો આશ્ચર્યચકિત થઈ ગયાં અને એવી અસરકારક પધ્ધતિથી શિખામણો - બોધવચનો અને ધર્મોપદેશ (વાઅઝ) બયાન કર્યા કે પાષાણહૃદયી લોકોનાં હૃદય પણ મીણની જેમ પીગળી ગયાં.



તે પછી શામ વાસીઓને સંબોધતાં ફરમાવ્યું કે "હે શામ વાસીઓ ! જે જાણતો ન હોય તે જાણી લે કે હું રસૂલ સ.અ.વ.નો ફરઝન્દ છું, હું સંત પુરૂષોના આગેવાનનો ફરઝન્દ છું, હું યસરબ અને બત્હાના સરદારનો ફરઝંદ છું, હું હલઅતાના મેદાનના શુરવીરનો ફરઝંદ છું, હું રસૂલે અકરમ (સ.અ.વ.)ના દોહિત્ર (નવાસા-દીકરીના દીકરા) ઈમામ હસને મુજતબા અ.સ.નો ફરઝંદ છું, હું મુહમ્મદ મુસ્તફા સ.અ.વ.ની



E-mail : hadimasik@yahoo.com




આંખોના પ્રકાશ-હઝરત અલી મુર્તઝા અ.સ.ના હૃદયની પ્રસન્નતા અને ફાતેમા ઝહરા સલા.ની આંખોની ટાઢક - કરબોબલા (દુઃખો અને મુસીબતો)માં સપડાઈ ગએલાં કરબલાના શહીદ હુસેન અ.સ.નો સુપુત્ર છું.

આટલું સાંભળીને સભામાં સમ્મલિત લોકો પોક મૂકીને રડવા લાગ્યા. પરિસ્થિતિ વણસી જતી જોઈને ડરી ગયેલા યઝીદે અઝાન આપનારને અઝાન પોકારવા ઈશારો કર્યો. અઝાન આપનારે ઉભા થઈને કહ્યું “અલ્લાહો અકબર” ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. એ ફરમાવ્યું : સાચેજ - કોઈપણ વસ્તુ તેની (અલ્લાહની) શાનથી મહાન નથી. અઝાન આપનારે કહ્યું - અશહદો અન લાઈલાહા-ઈલ્લલ્લાહ - ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.એ ફરમાવ્યું : “સત્ય છે. મારા શરીરમાં માંસ-હાડ-ચામડું એની સાક્ષી પૂરે છે. અઝાન આપનારે કહ્યું, “અશહદો અન્ના મુહમ્મદુર્રસુલુલ્લાહ” ત્યારે ઈમામ ઝૈનુલ આબેદીન સ.અ. એ પોતાના માથા ઉપરથી અમ્મામો (પાઘડી) ઉતારીને ફેંકી દીધો અને ફરમાવ્યું કે હે અઝાન આપનાર ! રોકાઈ જા ! પછી યઝીદને સંબોધીને



ફરમાવ્યું : "હે મોઆવિયાના પુત્ર ! જરા મને એ તો બતાવ કે આ મુહમ્મદ સ.અ.વ. તારા પિતામહ છે કે મારા ! જો તું તેમને પોતાના પિતામહ કહે તો તે નર્યું જુઠાણું છે અને જો તું તેમને મારા પિતામહ કહે તો પછી મને એ બતાવ કે તેં મારા આદરણીય પિતા કે જેઓ આલે રસૂલમાં સર્વશ્રેષ્ઠ હતા તેમને કેમ શહીદ કરી દીધા ? કેમ તેમના કુટુંબની પવિત્ર અને ચારિત્રવાન સન્નારીઓને ગુનેગાર કેદીઓની જેમ શહેર-શહેરમાં પ્રદર્શિત કર્યા. મને કેમ અનાથ કરી દીધો અને કેમ તેં મારા પિતામહના દીન (ઈસ્લામ)માં વિઘ્ન નાંખી દખલગીરી કરી ? આટલું બોલીને ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.એ પોતાના ગરેબાનને ફાડી નાંખ્યો અને ઉપસ્થિત મેદનીને સંબોધીને કહ્યું" તમને ખુદાના સમ! મારા સિવાય તમારામાંથી કોઈ એવો છે કે જેનો પિતામહ ખુદાનો, નબી સ.અ.વ. નો મિત્ર (હબીબ) હોય ! આટલું સાંભળીને શામવાસીઓ એટલું રડ્યાં કે તેમનામાંથી કેટલાંય બેભાન થઈ ગયા. યઝીદે ભય પામીને અઝાન આપનારને ઈકામત કહેવાની આજ્ઞા આપી. તેથી ઈકામત પછી લોકો નમાઝ પઢવા લાગ્યા.

કેટલીક રિવાયતોમાં આવે છે કે યઝીદ એ નોઅમાન-બિન-બશીરને આજ્ઞા આપી કે ત્રીસ ઘોડેસવાર સૈનિકોને સાથે લઈને રસૂલે ખુદા સ.અ.વ.ના અહલેબૈતને મદીના શહેર પહોંચાડી આવે અને ૨૦ મી સફરના દિવસે આ કાફલો શોહદાએ કરબલાના માથા સાથે કરબલા પહોંચ્યો ત્યારે ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.એ ઈમામ હુસેન અ.સ. અને અન્ય શહીદોના માથાને તેમના શરીર સાથે જોડીને ત્યાં દફન કરી દીધાં.



# એક શિખામણ

એક વ્યક્તિએ રસૂલે અકરમ સ.અ.વ. પાસે ખુબ આગ્રહ કર્યો કે આપ સ.અ.વ. કાંઈ શિખામણ આપે. જ્યારે તેણે ખુબ જ આગ્રહ કર્યો તો આપે ઈર્શાદ ફરમાવ્યું :

"હું જે શિખામણ આપીશ તેના ઉપર તું અમલ કરીશ ?"

તેણે જવાબ આપ્યો "હા I હે અલ્લાહના રસૂલ સ.અ.વ"

આપ સ.અ.વ.એ ફરી પુછયું "હું કહીશ તેમ કરીશ ? "

તેણે જવાબ આપ્યો "હા ! હે ખુદાના રસૂલ સ.અ.."

આપ સ.અ.વ. એ ફરી એજ સવાલ કર્યો કે "મારા કહ્યા પ્રમાણે વર્તીશ ?"

જવાબ હતો - "જરૂર વર્તીશ"

પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. એ જયારે ત્રણ વખત આવી રીતે ખાત્રી લઈ લીધી અને આવી રીતે ઘણી વખત વચન લઈને તેને આ બાબત પ્રત્યે સભાન કર્યો કે શિખામણનું મહત્વ શું છે તે પછી ફરમાવ્યું કે :

"કોઈપણ કામ કરતાં પહેલા તેના પરિણામની બાબતે પહેલાંથી કાળજીપૂર્વક વિચારણા કરી લેવી. જો તેનું પરિણામ સારૂં જણાય તો જ તે પ્રમાણે વર્તવું. પરંતુ જો તે કાર્યનું પરિણામ ગુમરાહી અને બરબાદી જણાતું હોય તો તે કાર્ય કરવાનો ઈરાદો તજી દો."

પ્રખ્યાત કહેવત પણ છે કે "ઉતાવળનું કામ શેતાનનું હોય છે. તેથી મનુષ્યે હમેશાં પોતાના કાર્યોના પરિણામને દ્રષ્ટિ સમક્ષ રાખવું જોઈએ. સંપૂર્ણ કાળજીપુર્વકની વિચારણા કર્યા પછી કરવામાં આવેલ કાર્ય ફળદાયી અને લાભકારક હોય છે."





يا حسين

# સફળ કોણ થયો ?

શું આ સત્ય અને અસત્ય વચ્ચેના યુધ્ધમાં બની ઉમૈયા અને તેમનું લોહી તરસ્યું અને સંસારપુજક સૈન્ય સફળ થયું હતું કે ઈમામ હુસૈન અ.સ. અને તેમના વફાદાર સાથીઓ કે જેમણે સત્યના કાજે અને અલ્લાહની પ્રસન્નતા મેળવવા માટે પોતાનું સર્વસ્વ કુરબાન કરી દીધું હતું.

વિજય અને સફળતાના ખરા અર્થ અંગે વિચારવામાં આવે તો આ પ્રશ્નનો જવાબ તદન સ્પષ્ટ થઈ જાય છે. વિજય અને સફળતા એ નથી કે મનુષ્ય યુધ્ધના મેદાનમાં પોતાનો જીવ બચાવી લે અથવા શત્રુને મારી નાંખે. પરંતુ સાચી સફળતા અને ખરો વિજય તો એ છે કે મનુષ્ય પોતાના ધ્યેયને પ્રાપ્ત કરી તેને સંરક્ષિત કરી તેને આગળ વધારી શકે અને શત્રુને તેના ધ્યેય અને લક્ષ્ય સુધી પહોંચવામાં સફળ થવા ન દે. જો વિજય અને સફળતા, પરાજય અને નિષ્ફળતાની આ વ્યાખ્યાને દ્રષ્ટિ સમક્ષ રાખવામાં આવે તો કરબલાના યુધ્ધનું પરિણામ તદન સ્પષ્ટ થઈ જાય છે.

એ હકીકત છે કે ઈમામ હુસૈન અ.સ. અને તેમના વફાદાર સાથીઓ શહીદ થઈ ગયા હતા પરંતુ આ શહાદત આપીને પણ તેમણે પોતાનું લક્ષ્ય અને ધ્યેય પ્રાપ્ત કરી લીધો હતો. ધ્યેય એ હતો કે બની ઉમૈયાના તે નિંદનીય અને



ઈસ્લામ-દુશ્મન કાવત્રાને ઉઘાડું પાડી દેવામાં આવે, અને તેમનો અસલી ચહેરો લોકોની સામે લાવવામાં આવે. મુસલમાનોમાં વૈચારિક જાગૃતિ આવે, અને તેમને અંધકાર યુગ (જાહેલિયતના યુગ) - કુફ્રના યુગ, મૂર્તિપૂજાના પ્રચારકોથી વાકેફ કરવામાં આવે અને આ લક્ષ્ય અને ઘ્યેય સર્વોત્તમ રીતે પ્રાપ્ત થયા હતા.

ઈમામ હુસૈન અ.સ. અને તેમના વફાદાર સાથીઓએ પોતાના પવિત્ર રક્ત વડે બની ઉમૈયાના અત્યાચારના વૃક્ષના મૂળ જ કાપી નાંખ્યા હતા. તેમણે પોતાના પ્રાણોના બલિદાન આપીને બની ઉમૈયાના જુલ્મી અને અત્યાચારી શાસનના પાયા હચમચાવી નાંખ્યા હતા અને તેમનો લજ્જાસ્પદ પડછાયો મુસલમાનોના માથા ઉપરથી દુર કરી દીધો હતો. યઝીદે રસુલુલ્લાહ સ.અ.વ.ના પ્રાણપ્રિય ઈમામ હુસૈન અ.સ. અને આપના વફાદાર સાથીઓને શહીદ કરી દઈને પોતાનો અસલી ચહેરો છતો કરી દીધો હતો. કરબલાના પ્રસંગ પછી જેટલી પણ ક્રાંતિઓ થઈ તે કરબલાના શહીદોના નામથી શરૂ થઈ હતી અને એ બધાની એક જ ઘોષણા હતી "અમે કરબલાના શહીદોનો બદલો લઈશું" બની અબ્બાસના શાસનકાળ સુધી આજ પરિસ્થિતિ રહી હતી અને બની અબ્બાસે પોતે પણ ઈમામ હુસૈન અ.સ.ના ખૂનના બદલાના બહાને જ શાસન ઉપર કબજો મેળવ્યો હતો. જો કે શાસન પર કબજો જમાવ્યા પછી તે લોકોએ પણ જુલ્મ અને અત્યાચાર શરૂ કરી દીધા હતા.

શું કરબલાના શહીદો માટે એના કરતાં મોટી સફળતા અને મહાન વિજય બીજો શું હોઈ શકે કે તેમણે પોતાનો લક્ષ્ય તો મેળવી લીધો જ - ઘ્યેય પ્રાપ્તિ તો તેમને મળી જ પરંતુ સાથેસાથે તેઓ અત્યાચાર પીડિત અને જુલ્મમાં સપડાયેલા તમામ મનુષ્યોને સ્વાધિનતાનો પાઠ શીખવાડી ગયા.





# માહે સફરૂલ મુઝફ્ફરના આઅમાલ

આ માસ પોતાના અપશુકનયાળપણાં (નહૂસત) માટે પ્રખ્યાત છે. અને અપશુકનયાળપણું (નહૂસત) દૂર કરવા માટે સદકો આપવા - દુઆ કરવા અને ખુદા પાસે રક્ષણ યાચવા કરતાં બીજી કોઈ સારી વસ્તુ નથી. જો કોઈ વ્યક્તિ આ મહીનામાં આવનારી બલાઓથી રક્ષિત રહેવા માંગતો હોય તો તેણે સદકો આપવો જોઈએ અને ખુદાથી તે બલાઓથી રક્ષણની યાચના કરવી જોઈએ.

## સફરની ત્રીજી તારીખ :

સૈયદ ઈબ્ને તાઉસ આપણાં ઉલેમાઓના પુસ્તકોનો સંદર્ભ આપી જણાવે છે કે આ દિવસે બે રકઅત નમાઝ પઢવી મુસ્તહબ છે. **જેની પહેલી રકઅતમાં 'સૂરએ અલ્હમ્દ' પછી 'સૂરએ ઈન્નફતહના' અને બીજી રકઅતમાં 'સૂરએ અલ્હમ્દ' પછી 'સૂરએ તવહીદ' પઢે.** નમાઝના સલામ પછી સો વખત સલવાત પઢે અને સો વખત પઢે.

**'' અલ્લાહુમ્મા ! લઅન આલે અબી સુફયાન''**

'' હે અલ્લાહ ! અબુસુફયાનની આલ ઉપર લાનત મોકલાવ.''

તે પછી સો વખત ઈસ્તિગફાર પઢે અને તે પછી પોતાની હાજતો માંગે.



E-mail : hadimasik@yahoo.com

## સફરની વીસમી તારીખ :

આ ઈમામ હુસૈન અ.સ.ના ચેહલુમ (ચાલીસમાં)નો દિવસ છે. આજના દિવસે ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારત પઢવી મુસ્તહબ છે. ઈમામ હસન અસ્કરીથી રિવાયત છે કે 'મોમિનની પાંચ નિશાનીઓ છે. તે એ કે દિવસ-રાતમાં ફરજ અને નિફલ મળીને ૫૧ રકઅત નમાઝ પઢે-ઝિયારતે અરબઈન પઢે - જમણાં હાથમાં અંગૂઠી પહેરે- સજદામાં કપાળ (પેશાની)ને માટી ઉપર રાખે અને નમાઝમાં 'બિસ્મિલ્લા હિર્રમાહનિર્રહીમ'' મોટા સાદે પઢે.

## ૨૮મી સફરની તારીખ :

**સને ૧૧ હિજરીમાં ૨૮મી સફર અને સોમવારના દિવસે હઝરત રસૂલે ખુદા સ.અ.વ.ની ઉમરે શરીફ ૬૩ વરસની હતી ત્યારે આપની વફાત થઈ હતી.** આજના દિવસે **ઈમામ હસન અ.સ. ની શહાદત** પણ થઈ હતી. આજના દિવસે બંને માઅસૂમીનની ઝિયારત પઢવી જોઈએ.



# આવો બાળકો !
# મહાન હસ્તીઓના મઝારોની ઝીયારત કરીએ

(૧) મકામે જનાબે હવ્વા સલા.

(૨) મકામે જનાબે હાબીલ અ.સ.

(૩) મકામે જનાબે નુહ અ.સ.

(૪) મકામે જનાબે ઈબ્રાહીમ અ.સ.

(૫) મકામે જનાબે મુસા અ.સ.

(૬) મકામે જનાબે હારૂન અ.સ.



(૧)


(૨)


(૩)


(૧૧)


(૪)


(૫)



E-mail : hadimasik@yahoo.com

(૭) મકામે જનાબે હુદ ઔર સાલેહ અ.સ.

(૮) મકામે જનાબે દાઉદ અ.સ.

(૯) મકામે જનાબે શોએબ અ.સ.

(૧૦) મકામે જનાબે ઝકરીયા અ.સ.

(૧૧) મકામે જનાબે દાનીયાલ અ.સ.

(૧૨) મકામે જનાબે યાહયાહ અ.સ.



(૧૦)




(૯)



(૧૨)



(૮)



(૬)



(૭)



# ઈમામ કાઝિમ અ.સ.નું બાળપણ

સફવાન જમ્માલ નામના એક વ્યક્તિએ હઝરત ઈમામ સાદિક અ.સ.ની સેવામાં હાજર થઈને પુછયું કે "મૌલા ! આપના પછી ઈમામતની ફરજ કોણ અદા કરશે ? આપે ઈર્શાદ ફરમાવ્યું : હે સફવાન તમે આ જગ્યાએ જ બેસી રહો અને જુઓ ! જો કોઈ એવો બાળક મારા ઘરમાંથી નીકળે જે સામાન્ય બાળકોની જેમ ખેલ કુદમાં પરોવાએલો ન રહેતો હોય અને જેની દરેક વાત ખુદાની માઅરેફતથી



ભરેલી હોય તો જાણી લેજો કે ઈમામતની લગામ તેને જ લાયક છે. આ વાત થતી હતી ત્યાં તો ઈમામ મૂસીયે કાઝિમ અ.સ. એક બકરીનું બચ્ચું લઈને ઘરમાંથી બહાર આવ્યા અને બહાર આવીને તેને કહેવા લાગ્યા. "ઉસ જુદી રબ્બકા" (એટલે કે પોતાના પાલનહાર-રબ-ને સજદો કર) અને બકરીના બચ્ચાએ પોતાનું માથું જમીન ઉપર ટેકવી દીધું. આ જોઈને ઈમામ જાઅફરે સાદિક અ.સ. એ તેમને છાતી સરસા ચાંપી લીધા. (તઝકેર તુલ-માઅસૂમીન પા. ૧૯૨)

સફવાન કહે છે કે આ જોઈને મેં ઈમામ મૂસા.અ.સ.ને કહ્યું : "હે બાળક ! આ બચ્ચાને કહો કે મરી જાય." આપે ઈર્શાદ ફરમાવ્યું : તારા ઉપર ફિટકાર હજો ! શું જીવન અને મૃત્યુ મારા કબજામાં છે ? (બિહારૂલ અનવાર-ભાગ-૧ પા. ૨૬૬)



# બની હાશિમની કેદ થયેલ સન્નારીઓ




કરબલામાંના ખુની પ્રસંગોમાં કેવાં-કેવાં અત્યાચારો થયાં છે તેની કલ્પના પણ આપણે કરી શકતા નથી પરંતુ એક અત્યાચાર ખુબ જ ભયાનક હતો અને તે કે ઈમામ હુસૈન અ.સ.ની શહાદત પછી નિરાધાર રહી ગયેલી આદરણીય સન્નારીઓને કેદ કરવામાં આવ્યા - તે છે. આ સન્નારીઓમાં બની હાશીમ(રસૂલે ખુદા સ.અ.વ.ના કુટુંબને બની હાશીમ કહેવામાં આવે છે.) કુટુંબની અને બની હાશીમ કુટુંબ સિવાયની સન્નારીઓ હતી. આવો, એ અંગેની માહીતી મેળવીએ કે કરબલાના મેદાનમાં કઈ કઈ સન્નારીઓને બંદી બનાવવામાં આવી હતી અને કુફા અને શામના બજારોમાં અત્યાચારો ગુજારીને ફેરવવામાં આવ્યાં હતાં.

**(૧) હઝરત ઝયનબે કુબરા સલા. જે હઝરત અલી અ.સ. અને જનાબ ફાતેમા સલા.ની સુપુત્રી હતાં.**

**(૨) હઝરત ઝયનબે સુગરા સલા. એટલે કે જનાબ ઉમ્મે કુલસુમ સલા. જે હઝરત અલી અ.સ. અને જનાબ ફાતેમા સલા. ના સુપુત્રી હતાં.**

**(૩) હઝરત ફાતેમા - ઈમામ અલી અ.સ.ની સુપુત્રી**

**(૪) હઝરત ફાતેમા - ઈમામ હુસૈન અ.સ.ની સુપુત્રી**

**(૫) હઝરત સકીના સલા. : ઈમામ હુસૈન અ.સ.ની સુપુત્રી**

**(૬) હઝરત રુબાબ : ઉમરાઉલ કૈસની સુપુત્રી અને ઈમામ હુસૈન અ.સ.ના પત્ની**

**(૭) હઝરત રૂકૈયા : ઈમામ હુસેન અ.સ.ની ૪ વર્ષની પુત્રી**

**(૮) જનાબ ઉમ્મે લયલા : હઝરત ઈમામ હુસૈન અ.સ.ના પત્ની અને જનાબ અલી અસગર અ.સ.ના માતા**



E-mail : hadimasik@yahoo.com

(૯) હઝરત રૂકૈયા : જનાબ મુસ્લિમ અ.સ.ના પત્ની

(૧૦) જનાબ મુસ્લીમ બીન અકીલ અ.સ. ની પુત્રી

(૧૧) હઝરત ખુઝાઅ જે ઉમ્મુસ્સગરના નામે પ્રખ્યાત છે અને ઈમામ અલી અ.સ.ના ભાઈ જનાબ અકીલના પત્નિ અને જાઅફર-બિન અકીલના માતા હતાં અને તેમની સાથે જ કરબલા આવ્યાં હતાં.

(૧૨) હઝરત ઉમ્મે કુલસૂમે સુગરા : જે જનાબ અબ્દુલ્લાહ - બિન - જાઅફર અને જનાબ ઝયનબ (હઝરત અલી અ.સ.ના પુત્રી) ની પુત્રી હતાં અને પોતાના પતિ કાસિમ - બિન - મોહંમદ - બિન જાઅફર સાથે કરબલા આવ્યાં હતાં અને કરબલામાં આપના પતિએ પણ શહાદતનો દરજ્જો પ્રાપ્ત કર્યો હતો.

(૧૩) જનાબે લયલા એ ઈમામ અલી અ.સ.ના પત્નિ હતાં, કરબલામાં ઈમામ અલીના એક ફરઝંદ શહિદ થયાં હતાં તે અબ્દુલ્લાહ અસગરના માતા હતાં.

(૧૪) હઝરત રમલા જે જનાબ કસિમ-બિન - ઈમામ હસન અ.સ.ના પત્નિ હતાં. આપનું બીજુ નામ ઉમ્મે હરવા પણ છે.

(૧૫) હઝરત ફાતેમા જે ઈમામ હસન અ.સ.ના દિકરી અને ઈમામ સજ્જાદ અ.સ.ના આદરણીય પત્ની અને ઈમામ મોહંમદ બાકિર અ.સ.ના માતા હતાં.

(કિસ્સા-એ-કરબલા-પા. ૪૦૫ = મકાતે લુત્તાલેબીન - પા. ૧૧૯ = રિયાહી નુ.શ.શરીઆહ - ભા. 3-૪ પા. ૧૫-૩૦૭-૨૫૫)



# બની હાશિમ સિવાયની બંદી બનાવવામાં આવેલ સન્નારીઓ



કરબલામાં બંદી બનાવવામાં આવેલ સન્નારીઓમાં બની હાશિમ સિવાયની સન્નારીઓના નામો પણ જોવા મળે છે કે જેમણે અત્યાચારો સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો અને કરબલાના બનાવમાં તેમણે પણ અગત્યની ભૂમિકા ભજવી છે. આવો, આ પૈકીની કેટલીક સન્નારીઓ વિશે જાણકારી મેળવીએ.

**(૧) હુસૈનિયાહ : આપ ઈમામ સજ્જાદ અ.સ.ની દાસી હતા. જે પોતાના સુપુત્ર 'મનહજ' સાથે કરબલાં આવ્યા હતા. અને આપના આ સુપુત્ર કરબલામાં શહીદ થઈ ગયા હતા.**

**(૨) અબ્દુલ્લાહ-અમીર-કલ્બીના પત્ની : જે પોતાના પતિ સાથે કરબલા આવ્યા હતા અને યુધ્ધ થઈ રહ્યું હતું અને તેમના પતિ યુધ્ધના મેદાનમાં હતા ત્યારે તેઓ પણ રક્ષણ માટે યુધ્ધના મેદાનમાં પહોંચી ગયા હતા અને પોતાના પતિને અહલેબયત અ.સ.ના રક્ષણના કાજે યુધ્ધ કરવા ઉશ્કેરતા હતા. અબ્દુલ્લાહે તેમને તંબૂમાં પાછા ચાલ્યા જવા કહ્યું હતું પરંતુ તેઓ પાછા નહોતા ગયા. છેવટે ઈમામ હુસૈન અ.સ.એ તેમને તંબૂમાં પાછા મોકલી દીધા હતા.**





(૩) ફકીહા : આપ ઈમામ હુસૈન અ.સ. ના પત્નિ : જનાબ રૂબાબના દાસી હતા. આપ પોતાના પુત્ર કારિબ-બિન-અબ્દુલ્લાહ-બિન-અરકીત સાથે મક્કા આવ્યા હતા અને ત્યાંથી કરબલા આવ્યાં હતાં. આપના સુપુત્ર પ્રથમ હુમલામાં શહીદ થઈ ગયા હતાં.

(૪) બેહરિયા : આપ પોતાના પતિ જનાદા-બિન-કઅબ અને પોતાના સુપુત્ર ઉમર-બિન-જનાદા સાથે કરબલા આવ્યાં હતા. આપના પતિ અને પુત્ર બંને કરબલામાં શહીદ થઈ ગયાં હતાં.

(૫) મુસ્લિમ-બિન-અવસજાની દાસી કે જેઓ મુસ્લિમ-બિન-અવસજાની શહાદત પછી "યબ્ને-અવસજા સૈયદા" કહીને નવહો કરતાં હતાં.

(૬) જનાબ ફિઝઝા : આપ પણ કરબલામાં અને કરબલાના બંદીઓમાં સામેલ હતા. આ બાબતમાં ઘણાં પ્રસંગોનું પણ વર્ણન મળે છે.

નોંધ : કેટલીક રિવાયતોમાં આવ્યું છે કે જ્યારે કરબલાના બંદીઓનો કાફલો કૂફા પહોંચ્યો તો બની હાશિમ સિવાયની બંદી બનાવેલી સન્નારીઓના સગા-વહાલા ઉબયદુલ્લાહ પાસે આવ્યા હતા. અને તેમને છોડી મુકવાની માંગણી કરી હતી જેથી તેમને છોડી મુકવામાં આવ્યાં હતાં અને બંદી બનાવવામાં આવેલ અન્ય સન્નારીઓને શામ લઈ જવામાં આવ્યાં હતાં.

(કિસ્સ એ-કરબલા-પા. ૪૦૭-તનકીહુલ મકાલ-ભા. ૩ પા. ૪૭ - નફસુલ મહમૂમ-પા. ૨૬૫-કાફી ભા-૧ પા. ૪૬૫)





# કુરઆનની જાણકારી

**પ્રશ્ન :** કુરઆન કેટલા તબક્કે નાઝિલ થયું ? અને તેના નાઝિલ થયાનું સાધન શું છે ?

**જવાબ :** કુરઆને મજીદ એક લાંબી શૃંખલામાંથી પસાર થઈને નાઝિલ થયું છે અને એવું વર્ણન મળે છે કે આ પવિત્ર પુસ્તક કુલ ત્રણ તબક્કામાંથી પસાર થઈને નાઝિલ થયું છે.

૧. સર્વ પ્રથમ વખત આ પુસ્તક "લવહે મહફૂઝ" ઉપર નાઝિલ થયેલ જે કુરઆનનો અસલી પાત્ર છે.

૨. "લવહે મહફૂઝ" ઉપરથી કુરઆન શબેકદ્ર દરમ્યાન પૃથ્વીના આકાશમાં આવેલ "બૈતુલ ઈઝઝા" નામના સ્થળે નાઝિલ થયું હતું.

૩. પૃથ્વીના આકાશ ઉપરથી આ કુરઆન ૨૨-૨૩ વરસના સમયગાળામાં વખતોવખત જુદા જુદા પ્રસંગો અને જુદા જુદા સંદર્ભો અન્વયે ધીમે ધીમે આપણાં નબી સ.અ.વ.ના હૃદય (મન) ઉપર નાઝિલ થતું રહ્યું હતું. (તારીખે કુરઆને કરીમ-પા. ૩૫-૩૬)



E-mail : hadimasik@yahoo.com

કુરઆને મજીદ ખુદાવન્દે કરીમ તરફથી 'વહીં' જેવા મહાન સાધન વડે ક્યારેક-ક્યારેક કોઈપણ વચેટિયા વગર અને મોટે ભાગે જનાબ જિબ્રઈલ અ.સ. મારફતે નાઝિલ થયું છે.

**પ્રશ્ન : નબી સ.અ.વ. ઉપર વહી કેવી રીતે નાઝિલ થતી હતી ?**

જવાબ : નબી સ.અ.વ. એ પોતે ફરમાવ્યું છે કે ''આ વહી ક્યારેક ક્યારેક ઘંટણીના અવાજની જેમ મારા કાનમાં આવે છે. આ મારા માટે કઠણ અને સખત હોય છે. જ્યારે આ અવાજ પૂર્ણ થઈ જાય ત્યારે જિબ્રઈલ અ.સ. એ મને જે કાંઈ કહ્યું હોય તે મને યાદ રહી જાય છે અને ક્યારેક ક્યારેક જિબ્રઈલ અ.સ. કોઈ મનુષ્યના સ્વરૂપે પણ મારી સમક્ષ પ્રગટ થઈને મારી સાથે વાત કરતા અને હું તેમની વાતો (કે જે વહી હોય છે) ને યાદ રાખી લઉં છું. (તારીખે કુરઆને કરીમ-પા. ૩૩) ''

**પ્રશ્ન : કુરઆને મજીદ પુસ્તક રૂપે કેવી રીતે તૈયાર થયું ?**

જવાબ : જયારે નબી સ.અ.વ. ઉપર વહી નાઝિલ થતી હતી ત્યારે આપ સ.અ.વ. લોકો સમક્ષ તે કહી સંભળાવતા હતા અને તેમના સાથીઓ (અસહાબ)માંથી ઘણાં લોકો લખી લઈને નબી સ.અ.વ. ને તે સંભળાવી તેમાં કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે સુધરાવી લેતા હતા.



નબી સ.અ.વ.ના યુગમાં ઘણા લોકો આ રીતે કુરઆન લખી લેતા હતા. પરંતુ તે પૈકી મહત્વના અને પ્રખ્યાત લોકોમાં હઝરત અલી અ.સ.નું નામ મોખરે છે. તે ઉપરાંત મઆઝ-બિન-જબલ, ઝૈદ-બિન-સાબિત, અલી-બિન-કઅબ અને અબૂઝૈદ-બિન-સાબિત-બિન-ઝૈદ-બિન-નોઅમાન પણ એ લોકોમાં સામેલ હતાં. આ બધામાં સૌ પ્રથમ કુરઆનને તેની તમામ ખાસિયતો-નાઝિલ થવાનો પ્રસંગ-અર્થ અને ગુઢાર્થ એ દરેક દૃષ્ટિએ સંપૂર્ણપણે એકત્ર કરીને ઈમામ અલી અ.સ. એ લોકો સમક્ષ રજુ કર્યું હતું. નબી સ.અ.વ.ની વફાત પછી આપે પોતે ફરમાવ્યું છે કે "મેં એ વાત જોઈ કે ખુદાની કિતાબમાં કેટલીક વસ્તુઓ વધારી દેવામાં આવી છે તેથી મેં મનમાં પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી કુરઆનને એકત્ર નહી કરી લઉં ત્યાં સુધી નમાઝ સિવાય કદીએ રિદા મારે ખભે નાંખીશ નહીં"

નોંધ : વહાલા બાળકો અને પ્રિય નવયુવાનોને આથી વિનંતી કરવામાં આવે છે કે કુરઆનની જાણકારી મેળવવાની બાબતે તમારા મનમાં કોઈ પ્રશ્ન હોય તો તરત જ અમારો સંપર્ક કરવો. આ આગામી અંકમાં અમે આપના નામ સાથે આપના પ્રશ્નને અમારા જવાબ સાથે પ્રસિધ્ધ કરીશું.






E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગેલેરી

વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં આપેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.



وَأَقِمِ الصَّلَوٰةَ لِذِكْرِىٓ

**નમાઝને મારી યાદ માટે પઢો**



E-mail : hadimasik@yahoo.com

# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.



**મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.




**દેવજાણી રીઝવાના રફીકભાઈ**
નાગલપુર, તા. અંજાર.




**દેવજાણી અલીરઝા રફીકભાઈ**
નાગલપુર, તા. અંજાર.

# પત્રાવલી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



*ભૌગોલિક શોધખોળો અને તેના શોધકો*

| શોધ | શોધક |
|---|---|
| અમેરિકા ખંડ | કોલંબસ |
| ઉત્તર ધ્રુવ | રોબર્ટ પિયરી |
| દક્ષિણ ધ્રુવ | આમંડસન |
| ઓસ્ટ્રેલિયા ખંડ | કેપ્ટન કુક |
| ગ્રીનલેન્ડ | રોબર્ટ પિયરી |
| વેસ્ટ ઇન્ડિઝ | કોલંબસ |
| ભારતનો દરિયાઈ માર્ગ | વાસ્કો-દ-ગામા |
| પૃથ્વીની પ્રદક્ષિણા | મેગેલન |
| એવરેસ્ટ આરોહણ | તેનસિંગ, હિલેરી |
| સૌ પ્રથમ ચંદ્ર યાત્રા | નીલ આર્મસ્ટ્રોંગ |
| સૌ પ્રથમ અવકાશ યાત્રા | યુરી ગાગારિન |
| [illegible] | જેમ્સ કુક |
| [illegible] | [illegible] |
| ન્યૂ ફાઉન્ડલેન્ડ | [illegible] |

[illegible]

નકવી સરફરાજ હુસૈન
સાદાત કોલોની, રહેમત પાર્ક
મહુવા.

**નકવી સરફરાજ હુસૈન**
સાદાત કોલોની, રહેમત પાર્ક, મહુવા.



*જાણવા જેવું*

*દેશ અને પાર્લામેન્ટ*

| દેશ | પાર્લામેન્ટ |
|---|---|
| ભારત | સંસદ |
| ઈરાન | મજલિસ |
| ઈરાક | મજલિસ |
| પાકિસ્તાન | મજલિસ |
| બ્રિટન | પાર્લામેન્ટ |
| રશિયા | સુપ્રિમ સોવિયેટ |
| અમેરિકા | કોંગ્રેસ |
| નેપાળ | પંચાયત |
| બાંગ્લાદેશ | સંસદ |
| મલેશિયા | મજલિસ |
| જાપાન | ડાયટ |
| અફઘાનિસ્તાન | શોરા |
| સ્પેન | કોર્ટેસ |
| જર્મની | બુન્ડેસ્ટાગ |
| [illegible] | |

નકવી અલીનવાજ
સાદાત કોલોની
રહેમત પાર્ક, મહુવા.

સ્કૂલ: મહદી સ્કૂલ

**નકવી અલીનવાજ**
સાદાત કોલોની, રહેમત પાર્ક, મહુવા.

## ઈન્નાલિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન



પાલીતાણા

હાદી માસિકના ટુરીંગ એજન્ટ **જ. શબ્બીરઅલી હસનઅલી પ્રમાણીના ફરઝંદ જ. અલીઅસગર શબ્બીરઅલી પ્રમાણી ઉ.વ.૧૪ અલ્લાહની રહેમતમાં પોંહચેલ છે**

મ.અલીઅસગર દીની તાલીમ ધો.૫ પાસ દુન્યવી તાલીમ ધો. ૮માં ભણતો હતો. મરહુમને અઝાદારી પ્રત્યે ઘણી જ મોહબ્બત હતી તેમજ ઘણી વખત મસ્જીદ પણ ખોલતો તેમજ દોસ્તો મિત્રો તેમજ સગાવહાલા પ્રત્યે પણ ઘણીજ મોહબ્બત રાખતો હતો. અમોને ઘણું જ દુઃખ થયેલ છે. અલ્લાહની મસ્લેહત સામે કોઈનું કાંઈ ચાલતુ નથી. અંતમાં અલ્લાહની બારગાહમાં દુઆ છે કે પંજેતનના વાસ્તાથી મ.અલીઅસગરને જન્નતની અંદર આલા દરજ્જો આપે. ઈલાહી આમીન....

અમારા આ દુઃખમાં જે મોમીનોએ સાથ અને સહકાર આપેલ છે તેઓનો હું શુક્ર ગુજાર છું તેમજ દરેક મોમીનોને નમ્ર ગુજારીશ છે કે મરહુમની રૂહના સવાબમાં ફાતેહા પડી બક્ષી આપવા નમ્ર વિનંતી....

**જન્મ તા. : ૨-૧૨-૧૯૯૬ વફાત તા. : ૨૧-૧૨-૨૦૧૦ મંગળવાર**

જ. શબ્બીરભાઈ ઉપર આવી પડેલા આ દુઃખમાં સમગ્ર 'હાદી' પરિવાર સામેલ છે. અલ્લાહપાક તેમને સબ્રની તૌફીક આપે તથા મ. અલીઅસગરને જન્નતમાં આલી દરજ્જો આપે. -આમીન...

'હાદી'ના વાચકોને મર્હુમના ઈસાલે સવાબ માટે એક સૂરએ ફાતેહા પઢવા નમ્ર વિનંતી છે.

- 'હાદી' પરિવાર

## મનુષ્યોને સહાયતા કરનાર રોબોટ

જાપાનની ઈન્ટેલીજન્સ સિસ્ટમ્સ ઈન્સ્ટીટ્યુટમાં કામ કરનાર - તાકા નૂરી શીબાના નામના એક વ્યક્તિએ પારૂ નામનો એક રોબોટ તૈયાર કર્યો છે. આ રોબોર્ટ સમુદ્રી વાછરડા અથવા બળદ જેવો છે. આ રોબોર્ટમાં એવો ગુણ છે કે જો કોઈ વ્યક્તિ તેનો સ્પર્શ કરે અથવા તેની સાથ વાત કરે તો તે તેનો જવાબ આપે છે. આ રોબોટ મનુષ્યોના ઈલાજમાં સહાયતા કરવા માટે બનાવવામાં આવેલ છે. માનસિક તાણના રોગીઓમાં આ રોબોટની સહાયતાથી તેમની માનસિક તાણના પ્રમાણમાં ગણનાપાત્ર કમી જોવા મળી છે. ઈ.સ. ૨૦૦૧ ના પ્રાયોગિક છ અઠવાડિયાના સમયગાળામાં વયોવૃદ્ધ વ્યક્તિઓના એક 'ડેકેર સેન્ટર' માં દાખલ કરવામાં આવેલા રોગીઓ ઉપર આ રોબોટનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં એ સ્પષ્ટ રીતે સિધ્ધ થએલ કે સફેદ ફ્રેમમાં આચ્છાદિત આ રોબોટ સાથે વાર્તાલાપ કરીને અને તેના સ્પર્શથી રોગીઓની માનસિક તાણનું પ્રમાણ સુધરી ગયું હતું.



## દાઢીનો વિશ્વ વિક્રમ

જગતમાં સૌથી લાંબી દાઢીનો વિશ્વવિક્રમ એક ભારતીય વ્યક્તિના નામે નોંધાયેલ છે. તે વ્યક્તિ પંજાબના રહેવાસી શમસેરસિંહ છે. જેમણે પોતાની દાઢી વધારીને વિશ્વ વિક્રમોના પુસ્તકમાં પોતાનું નામ દાખલ કરાવી લીધું છે. 'ગિનીઝ બુક ઓફ રેકર્ડઝ'ના પ્રતિનિધિઓ દ્વારા ૧૮મી ઓગષ્ટ ૧૯૯૭ના દિવસે તેમની દાઢીની લંબાઈ  માપવામાં આવી  તે સમયે તેમની દાઢીની લંબાઈ દાઢીના શરૂઆતના ભાગથી દાઢીના અંતિમ છેડા સુધી ૧.૮૩ મીટર એટલે છ ફીટ હતી.



E-mail : hadimasik@yahoo.com

# સાચા જવાબો

પ્રશ્ન : ૧ ઇમામ હુસૈન અ.સ.ના બાળપણના મિત્રનું શું નામ છે ?
(અ) હબિબ

પ્રશ્ન : ૨ મોહર્રમ મહિનાના પહેલા નવ (૯) દિવસના રોઝા રાખવાનો શું હુકમ છે ?
(બ) મુસ્તહબ

પ્રશ્ન : ૩ કયામતના દિવસે કોના ઉપર રડવાવાળી આંખો નહિં રડે ?
(ક) ગમે હુસૈન અ.સ.

પ્રશ્ન : ૪ ઈમામ હુસૈન અ.સ. કયાં શહીદ થયા હતાં ?
(બ) કરબલા

પ્રશ્ન : ૫ ઈમામ હુસૈન અ.સ.ના હાથો ઉપર આપના કયા પુત્ર શહિદ થયાં હતાં ?
(ક) અલી અસગર

પ્રશ્ન : ૬ આશુરાના દિવસે કયા આમાલ મુસ્તહબ છે ?
(ડ) બધા સાચાં

પ્રશ્ન : ૭ જનાબે અબ્બાસ અ.સ.નો સાચો લકબ કયો છે ?
(ડ) બધા સાચાં

પ્રશ્ન : ૮ ઈમામ હુસૈન અ.સ.ની કેટલી બેહનો કરબલામાં હતી ?
(બ) ૨

પ્રશ્ન : ૯ ઈમામ હુસૈન અ.સ. કયા સનમાં શહીદ થયાં હતાં ?
(અ) ૬૧ હિજરી

પ્રશ્ન : ૧૦ ઈમામ હુસૈન અ.સ.નો કાતીલ કોણ હતો ?
(અ) શિમ્ર


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૯૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨


**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.



# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
**E-mail : hadimasik@yahoo.com**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

